નરેન્દ્ર નંહુ માર્ગ, મારૂતિનગર, ચૈતન્યપુરી, હૈદરાબાદ.

ફોન : ૨૪૦૪૭૭૭૪, ૨૪૦૪૭૮૬૨, ૨૪૦૪૮૧૪૩, ૯૪૫૮૦૦૫૫

*ખાસનોંધ :-* આ નિયાપો ના આપેલી જાહેરાત ને અચલગચ્છ જૈન સંઘ ના સર્વે ભાઈ બહેનો ને મળ્યા તુલ્ય સમજવું એજ વિનંતી...

(જા.ખ.)

# શ્રી આઠકોટિ નાનીપક્ષ સ્થાનકવાસી જૈન સંઘ હૈદરાબાદ

**પરમપૂજ્ય ગુરુદેવ આચાર્ય ભગવંત શ્રી સુરજી સ્વામી** તથા
**પરમપૂજ્ય પદવીધર મહાસતીજી નીનાબાઈ સ્વામીની** શુભનિશ્રામાં

આપણાં સંઘનાં પૂણ્યોદયે, આપણી આગ્રહભરી વિનંતીને સ્વીકારી, આ વર્ષનાં પાવન પર્યુષણપર્વનાં અવસરે, રવિવાર તા. ૧–૯–૨૦૧૩ થી સોમવાર તા. ૯–૯–૨૦૧૩ સુધી, યોજનારી 'સામુહિક ધર્મઆરાધના' હેતુ સુશ્રાવક શ્રી દીપક પ્રેમજી સંગોઈ ગામ : સાડાઉ તથા તેમના ધર્મસાથીઓ મુંબઈથી પધારશે. ઘરઆંગણે જ્ઞાનગંગા જેવો આ અમૂલ્ય ધર્મલાભ મેળવવા સર્વ ધર્મજિજ્ઞાસુ, ભાઈ બહેનો અને બાળકોને ભાવભરી નમ્ર વિનંતિ છે.

## કાર્યક્રમની રૂપરેખા

| | | |
|---|---|---|
| **પ્રતિક્રમણ** | : | સવારે ૫.૦૦ કલાકે |
| **પંચપરમેષ્ઠિવંદના** | : | સવારે ૬.૦૦ કલાકે |
| **ધર્મ સ્વાધ્યાય** | : | સવારે ૯.૦૦ થી ૧૦.૩૦ કલાકે |
| **ધાર્મિક ચર્ચા** | : | સવારે ૧૧.૦૦ થી ૧૨.૦૦ કલાકે |
| **ભોજન સમય** | : | બપોરે ૧૨.૩૦ થી ૧.૩૦ કલાકે |
| **જ્ઞાન શિબિર** | : | બપોરે ૨.૦૦ થી ૪.૦૦ કલાકે |
| **પ્રતિક્રમણ** | : | સાંજનાં ૬.૩૦ કલાકે |
| **ધર્મગોષ્ઠિ તથા પ્રશ્નોત્તરી ભાઈઓ તથા બહેનો માટે** | : | રાતનાં ૮.૦૦ થી ૧૦.૦૦ કલાકે |

**સ્થળ : શ્રી કચ્છી ભવન,** અતિથીભવન, દિપક હોલ, બીજે માળે, રામકોટ, હૈદરાબાદ

સર્વશ્રેષ્ઠ માંગલિક જૈનધર્મનાં મૂળભૂત સિદ્ધાંતો, ધર્મતત્વદર્શનની પ્રાથમિક કેળવણી આપણાં સંતાનો પામે એ શુભહેતુથી **એકવિશિષ્ઠ જ્ઞાનશિબિર** નું આયોજન રવિવાર ૧–૯–૧૩ અને રવિવાર, તા. ૮–૯–૨૦૧૩ નાં સવારના ૧૦.૦૦ કલાકથી સાંજના ૪.૦૦ વાગ્યા સુધી રાખવામાં આવેલ છે. સર્વ બાળકો, યુવાપેઢી અને વડીલો આવો અમૂલ્યલાભ અચૂક લે એવી આગ્રહભરી વિનંતી છે.

પર્યુષણપર્વ દરમ્યાન બપોરના ભોજનની વ્યવસ્થા રાખવામાં આવેલ છે.
રવિવાર તા. ૧–૯–૨૦૧૩ તથા ૮–૯–૨૦૧૩ સાંજના પણ ભોજનની વ્યવસ્થા રાખેલ છે.
આગલા દિવશે નામ નોંધાવી ભોજનનાં કુપન મેળવી લેવા વિનંતિ.
સંઘના પરિવારજનો સંપુર્ણ કાર્યક્રમને વધાવી સફળ બનાવે.

શિબિરમાં નામ નોંધાવવા તથા વિશેષ માહિતિ માટે સંપર્ક કરવા :

**શ્રી જયેશભાઈ જાદવજી મામણીઆ** ૯૪૪૦૮ ૯૦૪૩૭, (ઓ) ૬૬૮૨ ૬૭૬૫

**શ્રી મનોજભાઈ હીરજી સાવલા** ૯૮૪૯૭ ૭૪૮૪૫

(જા.ખ.)

**એક બીજાને ગમતાં રહીએ મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું ''સહુના'' હૈયામાં વહયા કરે. શાંત પળોમાં વિચારજો**

# સંસ્થા સમાચાર

❖ **કચ્છી ઓસવાલ મ્યુચ્યુઅલી એડેડ કો. ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી :** કચ્છી ઓસવાલ મ્યુચ્યુઅલી એડેડ કો. ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી હૈદ્રાબાદ ની ૧૭ મી વાર્ષિક સામાન્ય સભા રવિવાર તા. ૭-૭-૨૦૧૩ નાં કચ્છી ભવન, હૈદ્રાબાદ મધ્યે યોજવામાં આવેલ.

વર્ષ ૨૦૧૨-૨૦૧૩ માં સભ્યો ને રૂ. ૧૯૨૬.૮૮ લાખની વિવિધ લોનો મંજુર કરવામાં આવેલ. સોસાયટીની કુલ શેર મુડી રૂ. ૧૫૯.૨૦ લાખની છે. જેનાં ઉપર ૨૦ ટકાનું ડીવીડન્ડ સભ્યોને આપવામાં આવેલ. રૂા. ૧૦૦ નાં પ્રત્યેક શેર દિઠ રૂા. ૩૭.૪૪ ની આવક થયેલ છે. સભ્યોને તેમની નિરંતર ડિપોજીટ ઉપર ૯ ટકાનું વ્યાજ અપાય છે. આ વર્ષે ડાયરેક્ટરોની ચુંટણી માટે ૫ ઉમેદવારો એ નામ નોંધાવેલ જેમાથી ૫ ઉમેદવારો ડાયરેક્ટર તરીકે ચુંટાઈ આવેલ.

૧) શ્રી શાંતિલાલ વાલજી મારૂ - ભોજાય, ૨) શ્રી સંજય નાનજી ગાલા - લાખાપર, ૩) શ્રી હિતેન મણીલાલ સંગોઈ - ટોડા, ૪) શ્રી તારાચંદ મણીલાલ ધરોડ - પત્રી, ૫) શ્રી અનિષ પોપટલાલ છેડા - ગોધરા.

વર્ષ ૨૦૧૩-૨૦૧૪ માટે નીચેનાં કાર્યકારી ડાયરેક્ટરો ની વરણી કરવામાં આવેલ.

ચેરમેન : શ્રી સંજય નાનજી ગાલા (લાખાપર), ડેપ્યુટી ચેરમેન : શ્રી તારાચંદ મણીલાલ ધોરડ (પત્રી), મેનેજીંગ ડાયરેક્ટર : શ્રી અરવિંદ કેશવજી છેડા (ગોધરા), ડાયરેક્ટર (વહીવટ) : શ્રીમતી વાસંતી અરવિંદ શાહ (નવિનાર), ડાયરેક્ટર (વિત) : શ્રીમતી દિપ્તી ચંદ્રેશ છેડા (કાંડાગરા)

❖ **શ્રી આઠકોટી નાની પક્ષ સ્થાનકવાસી જૈન સંઘ :** શ્રી આઠકોટી નાની પક્ષ સ્થાનકવાસી જૈન સંઘ હૈદ્રાબાદ દ્વારા પર્યુષણ પર્વ દરમ્યાન ધર્મ આરાધના કરાવવા માટે મુંબઈથી સુશ્રાવક શ્રી દીપકભાઈ પ્રેમજી સંઘોઈ તથા તેમનાં સાથીદારોને આમંત્રીત કરવામાં આવ્યા છે. રવિવાર ૧-૯-૨૦૧૩ થી એમનાં આઠ દિવસનાં રોકાણ દરમ્યાન નાની વયના બાળકોને ધાર્મિક સંસ્કારોનું સિંચન તથા જૈન-ધર્મનાં પ્રાથમીક જ્ઞાનની સમજણ તેઓ આપશે. પચેઢિયાનું પ્રતિક્રમણ, સવારનાં નવ વાગ્યાનું વ્યાખ્યાન, તથા દિવસ ભરનાં ધાર્મિક કાર્યક્રમોમાં સર્વ જૈન-ધર્મ પ્રેમી, નાના મોટા તથા બાળકોને પર્યુષણ પર્વનાં પવિત્ર દિવસોમાં સુશ્રાવકોનાં સાન્નિધ્યમાં ઉપસ્થિત રહી કાર્યક્રમોને સફળ બનાવવા નમ્ર વિનંતિ.

❖ **શ્રી દિવ્ય શ્રાવક સામાયિક મંડળ :** શ્રી દિવ્ય શ્રાવક સામાયિક મંડળ, જીનેશ્વરધામના આ મહિનાના અતિથિ વિશેષ શ્રી પ્રદિપ કેશવલાલ સંઘવી છે.



उत्तराखंड बाढ राहत राशी के अंतर्गत प्रधामंत्री राहत कोष मे आ.प्र. के मुख्य मंत्री श्री किरणकुमार रेड्डी को रू 8,44,200 का डी.डी महेन्द्र शाह के नेतृत्व मे सौपते हुए कच्छ कडवा पाटीदार समाज के करसन पटेल, रामजी पटेल, जीवराज पटेल, भगवानजी पटेल, कांतीलाल पटेल, जयंती पटेल, डायाराम पटेल, करमशी पटेल, रिद्धीश जागीरदार एवं अन्य।

# am2pm Tours & Travells

Rent a Car : Local Sight Seeing, Marriages, Out Station Booking etc.

Special Packages for : Kulpakji, Srisailam, Tirupathi, Shirdi other Pilgrim Centres, Ramoji Film City, Local City Sight Seeing etc.

Cars Available : Tata Indica, Tata Indigo, Innova, Tempo Traveller, Qualis

for Booking please contact :

**Mob : 93936 12263, 77998 48697**

**email : am2pmtoursandtravells@gmail.com**

Shop No. 36, Royal Plaza Complex, Sultan Bazar, Hyderabad 500 095.

(જા.ખ.)



# Iksita

Sarees

Lehangas

Kurtas

Designer Suits

Tunics

Western Outfits

Custom made Outfits

Designer Blouses

*Hiral Hardik Gala*

*Hiral Jitendra Gala*

4-3-53/54,
K.S. Lane,
Raghunath Bagh,
Sultan Bazar,
Hyderabad - 500 095.

**9502699988**
**9966572644**

(જા.ખ.)

# વિવિધા

## "હું" મહાન ! "I" the Great

તમે 'મહાન' સમ્રાટ અશોક વિષે સાંભળ્યું હશે. મહાન યોધ્ધા એલેકઝાંડર વિષે સાંભળ્યું હશે. 'મહાન' મોગલ સમ્રાટ અકબર વિષે પણ સાંભળ્યું હશે. તેઓ પોતપોતાના કાર્યક્ષેત્રમાં દુનિયાના ઈતિહાસમાં નામ કરી ગયા. પણ હું 'મહાન' ! મે શું કર્યું ? વાસ્તવિકતા જે કંઈ પણ હોય પણ હકિકત એ છે કે સહુને પોતાનો 'અહમ' છે, 'હું' પદ છે, અહંકાર છે. સૌને પોતાના વિષે સારું સાંભળવું ગમે છે, જોવું ગમે છે. ધારો કે એક ગ્રુપ ફોટો તમારા સામે મુકવામાં આવે. સૌ પ્રથમ તમે પોતે ક્યાં દેખાઓ છો તે જોશો, બાકીનાને પછી. સૌને પોતાનું નામ હમેશા સાંભળવું ગમે છે. સ્વ માટેનો પ્રેમ માનસપટ પર એટલો ઉંડો જડ ગાલીને બેઠો હોય છે કે વ્યક્તિ પોતાને બીજાથી કંઈક વિશેષ માનતો થાય છે.

પોતાનું એક આગવું વિશેષ વ્યક્તિત્વ કેળવવું તે ખોટું નથી. સકારાત્મક વિચારધારા જીવનમાં એક ઉત્તમ કાર્ય કરવાની પ્રેરણા આપે છે અને વ્યક્તિને નવી ઉંચાઈએ લઈ જાય છે. આ સમયે અણજાણતા મનમાં અહમ પેસી જાય તો લક્ષ ચુકી જવાય છે.

પોતાના ગુણગાન ગાતા વ્યક્તિની કંપનીમાં રહેવું લોકો ઓછું પસંદ કરે છે. પોતાના ગુણગાન ગાતી વ્યક્તિ સારા શ્રોતા નથી બની શકતા વાર્તાલાપમાં તેમની એકાગ્રતા નથી રહેતી. ધીરજનો અભાવ રહે છે અને પોતે પ્રાપ્ત કરેલ સિદ્ધિને વર્ણાવવા હમેશા ઉત્સુક રહે છે.

અંગ્રેજી એજ એક એવી ભાષા છે જેમાં 'I' (હું) કેપીટલ અક્ષરમાં લખાય છે, બીજી કોઈ ભાષામાં હું ને મહત્વ નથી આપવામાં આવતું. આશ્ચર્ય છે આપણા દેશની અન્ય કોઈ ભાષામાં પણ હું ને મહત્વ નથી આપવામાં આવતું. આજના ઈ-મેલ-એસ એમ એસ વાપરનારા કોઈ પણ અક્ષરને કેપીટલમાં નથી લખતા.

અનુભવ લેવા 'I' ને બદલે તમે જેને સંબોધીને વાત કરો છો તે 'You' ને કેપીટલમાં લખો, મહત્વ આપો અને પછી પરિણામ જોશો તો તે તમને ખરેખર વિનમ્ર બનાવી દેશે.

**રમેશ એમ. શાહ**

**SRI RIDHI SIDHI SNACKS & KHAKRAS**

*Specialist In : Tomato Sticks, Sezwan Sticks, All types of Sev, Ghatiya, Chewda, Bhakharwadi, All Varieties of Sada Khakras, Diet Khakra, Mini Khakra, Special Masala, Chora Phari, Nachni Etc.*

*New Arrival : Roasted Kurkure 0% Colestral - Chana Jor, Moong Jor, Masoor Jor, Bajra Masala, Wheat Flakes, Potato Chips, Cheese Balls etc...*

CONTACT : # 4-1-10, C/3-24, Pragati Society, Opp. Wesley Church,Tilak Road, Hyderabad-1

**Ph : NITIN GALA - 99630 10657, SUNITA GALA - 94408 75034**

**BULK ORDER FREE HOME DELIVERY** (જા.ખ.)

# WEB SPARKLE

***The online marketing experts***

**1002, Paigah Plaza, Basheerbagh, Hyderabad**

***Search Engine Marketing***
***Social Media Marketing***

*Create and enhance Online Brand*
*Get Relevant Traffic*

*Generate leads and sell online through*
*Website*
*Facebook page*

Google

*Our Services include :*
*On Facebook - Creating FB profile/page*
*FB Page management*
*Online Store setup on Facebook*
*Get more Likes/Fans*

*Search Engine marketing -*
*Search, Display and Youtube channel*

***Contact : websparkledigital@gmail.com***
***Ph : 040-2355 2803, Mobile : 98482 51541***

(જા.ખ.)

## ટેક ઈટ લાઈટલી

**આપણી અનોખી કરકસરી ખાસિયતો.....**

☆ જ્યારે સેમ્પુની બોટલ ખતમ થઈ જાય ત્યારે બોટલમાં પાણી નાખો, એક વાર જરૂર વાપરી શકાશે.

☆ ટુથપેસ્ટને ત્યાં સુધી વાપરો જ્યાં સુધી ટ્યુબને નીચોડી ન લેવાય ત્યાર પછી કેપથી થોડે નીચે ટ્યુબને કાપી તેમાંથી બાકી રહેલા પેસ્ટને પણ ઉપયોગમાં લેવો.

☆ ઘરના શો કેસમાં રહેલ ચાઈના ક્રોકરી ફક્ત અને ફક્ત મહેમાનો આવે ત્યારેજ વાપરવા કાઢવી.

☆ સોનું એક ગ્રામ પણ ખરીદવાનું ન હોય, પણ વધતા સોનાના ભાવ માટે ઘણી ચિંતા કરવી.

☆ ટી.વી. ના રીમોટના બટનોને જોર જોરથી દબાવશું, સોફા ઉપર પછાડશું પણ તેમાં બેટરીના જુના સેલ નહીં બદલાવીએ.

☆ સાંજના કોઈ રિસેપ્શન કે ખાસ ડિનર પાર્ટીમાં જવાનું હોય તે આખો દિવસ હલકું હલકું ખાશું કે જેથી ડિનર સમયે બરાબર વાનગીઓને ન્યાય આપી શકાય.

☆ ટી શર્ટ જુનો થઈ જાય ત્યારે નાઈટ ડ્રેસ બનાવી લ્યો. જ્યારે તે વધારે જુનો થઈ જાય ત્યારે હોલી રમતી સમયે વાપરો અને ત્યાર પછી પોંછા તરીકે વાપરો.

☆ મેક ડોનાલ્ડ કે ડોમીનોસમાં ખાવા જાવ ત્યારે એકસ્ટ્રા કેચઅપ કે ઓરીગાનો માંગો કે જેથી બાકી બચેલ ઘરે ઉપયોગમાં લઈ શકાય.

☆ ભૈયા પાસે પાણીપુરી આધા પછી, પેમેન્ટ કરતા એક ફ્રી સુકી પુરી માંગવી એ તો આપણો હક બને છે.

☆ સમાજના ફંક્સનમાં કે સ્વામીવાત્સલ્ય જમવા જવાનું થાય ત્યારે ટીફીન લઈ જવાનું. ઘરે રસોઈ ન કરી હોય તો કામવાળી પછી શું કરે !!

**રમેશ એમ શાહ**

## જુઓ ૧૦૦ (સો) ની કમાલ...

❋ ૧૦૦લે ફીલ્મ છે
❋ ૧૦૦નલ નામ છે
❋ ૧૦૦લંકી અટક છે
❋ ૧૦૦ની પણ અટક છે
❋ ૧૦૦નેરી કલર છે
❋ ૧૦૦ડા પીવાય છે
❋ ૧૦૦નું પબહેરાય છે
❋ ૧૦૦ન પાપડી મીઠાઈ છે
❋ ૧૦૦ય થી સીવાય છે
❋ ૧૦૦મ એક વાર છે
❋ ૧૦૦મ એક વાર છે
❋ ૧૦૦બત એવી અસર થાય
❋ ૧૦૦પારી ખવાય છે
❋ ૧૦૦મનાથ મંદિર છે
❋ અને તેમને હેરાન કરી ૧૦૦ રી પણ કહેવાય છે.

સંકલન : **રમેશ એમ. શાહ**

## तो बस मुस्कुरा दो

✓ कोई ऐसा कुछ कह दे जिससे मूड ऑफ होने की संभावना हो तो बस मुस्कुरा दो
✓ हम सही है फिर भी हमें सुनना पडता है तो बस मुस्कुरा दो
✓ स्वभाव नहीं मिलते हैं परन्तु साथ रहना है तो भी बस मुस्कुरा दो
✓ कोई अपने कटु शब्दों द्वारा आपके दिल को ठेस पहुँचानेकी कोशिश करता है तो बस मुस्कुरा दो

## अनमोल वचन

इस तरह न कमाओ कि पाप हो जाए
इस तरह न खर्च करो कि कर्ज हो जाए
इस तरह न खाओ कि मर्ज हो जाए
इस तरह न बोलो कि क्लेश हो जाए
इस तरह न चलो कि देर हो जाए
इस तरह न सोचो कि चिंता हो जाए

હી આંય પાંજે કચ્છ જો જાયકો
મઠી બાજરે જી માની તે મથે
મખ્ખણ ને ગોળ, ઘોવારનું સાક
તમતમાતા મરચા, ખેચડી ને છાય
મેઠોપોતર ખાય
હી મેળે વિશેષ





વાનગી
પાજે વૈભવ વિહાર મે અંઈ
અજ અસી આંકે નોંતરો
ડીયુતા પ્રેમ થી અચીજા
કચ્છ જી મજા માંણેલા
પાંજે વૈભવ વિહાર મે

અને ૨૬ તારીખે જન્માષ્ટમ પણ છે તો આપણા વૈભવ વિહારની વિશેષતામાં
એ દિવસે અવનવી વાનગીયોમાં ફરાળ બનાવવામાં આવશે.
નમકવાળુ અને વગર નમકનું તો પધારજો

(જા.ખ.)

# HOTEL VAIBHAV VIHAR

**Specialist in :**

## Rajasthani, Gujrati Thali n Jain Food

Also Kitty Party 15-20 Members
with TAMBOLA GAME Kitty Party host for Vaibhav Vihar Special Gift
Small Events Facility Available

**Opp. Reliance Fresh, Kachiguda Station Road, Hyderabad.**

**Ph : 040-69999151, Cell : +91 9701629296**

## સુંદર છે હે ભગવાન !

હે ભગવાન ! જગતને તું જ સુધારજે પણ એની શરૂઆત મારાથી કરજે.
જીન્દગીમાં જે માગીએ છીએ તે બધુંજ નથી મળતું
અને મળે છે તેમાનું ઘણું જ માંગેલુ પણ નથી હોતું
પોતાની જવાબદારીઓમાંથી છટકી શકાય, પણ પરિણામોથી નથી છટકી શકાતું
નીતિ કપડા સમાન છે અને ધર્મ દાગીના સમાન
જેમ કપડા વિના ઘરેણા શોભતા નથી તેમ નીતિ વગરનો ધર્મ સારો લાગતો નથી.
શરીર માત્રને સુખી કરવા જતા આત્મા દુખી ના થઈ જાય તેનો ખ્યાલ રાખવો.
બે દિવસની મુસાફરી કરવા માટે કેટલીયે તૈયારી કરનારો માણસ,
કાયમની મુસાફરી કરવા માટે કેમ કંઈ જ તૈયારી કરતો નથી ?
આંખમાં અમી તો દુનિયા ગમે, જીભમાં અમી તો દુનિયા નમે.
એક વાર ખાય તે યોગી, બે વાર ખાય તે ભોગી,
ત્રણવાર ખાય તે રોગી અને અનેક વાર ખાય તેની બરબાદી.
જેમ શરીરને સાફ રાખવા નિયમિત સ્નાન કરવું પડે છે,
તેમ અંતકરણને સ્વચ્છ રાખવા નિયમિત પ્રાર્થના કરવી પડે છે.
પગ લપસવાથી થયેલા ઘા રૂઝાઈ જશે,
પણ જીભ લપસવાથી થયેલા ઘા રૂઝાતાં બહુ વાર લાગે છે.

સંકલન : **પંકજ વલ્લભજી સાવલા**

## વાચકો ને આમંત્રણ - નિબંધ પ્રતિયોગિતા

દરેક ભાષાઓમાં કહેવતોનો અમુલ્ય ખજાનો હોય છે. જીવનના અનુભવનો નિચોડ હોય છે તે થોડાં શબ્દોમાં ઘણું બધુ કહી જાય છે. આપણે ગુજરાતી ભાષામાં પણ અનેક કહેવતો છે તેમાથી નિચે એક કહેવત આપેલ છે.

**"પહેલું સુખ તે જાતે નર્યાં" HEALTH IS WEALTH**

ઉપરની કહેવત આપણને શું સમઝાવે છે તે ૩૦૦ શબ્દોનો એક નિંબધ ગુજરાતી, અંગ્રેજી, હિન્દી માં લખી તા. ૩૧-૮-૨૦૧૩ સુધીમાં લખી શ્રી કચ્છી ભવનમાં મોકલી આપશો. ઉત્તમ લેખને પારીતોષીક આપવામાં આવશે. તેમજ નિયાપોમાં પણ છાપવામાં આવશે.

**-સંપાદકો**

# શ્રી વિતરાગ જૈન મિત્ર મંડળ-કોઠી, હૈદ્રાબાદ

દ્વારા આયોજીત

## શ્રી સમ્મેત શિખરજી

કૌસંબી, ભેલુપુર, ચંદ્રપુરી, સિંહપુરી, બનારસ, શિખરજી, ઋજુવાલિકા, ચંપાપુરી, ભાગલપુર, કાકંદી, લચ્છવાડ, કુંડલપુર, ગુણીયાજી, રાજગૃહી, નાલન્દા, પાવપુરી તીર્થયાત્રા પ્રવાસ

શુભ પ્રસ્થાન : ૨૩ નવેમ્બર ૨૦૧૩ શુભ આગમન : ૦૪ ડિસેમ્બર ૨૦૧૩

**યાત્રા પ્રવાસ દર: ૯,૧૦૦/-**

ફકત પ્રથમ ૧૨૦ વ્યકતી માટે

યાત્રા સહયોગી મંડળ : **શ્રી પંચ પરમેષ્ઠી મહીલા મંડળ** - કોઠી, હેદ્રાબાદ

સંપર્ક સૂત્ર

| વિજયભાઈ દેઢીયા | ખુશાલભાઈ લોડાયા | રાજેશકુમાર જૈન | નરેશ પારેખ |
|---|---|---|---|
| 9391039930 | 9849002411 | 9440572723 | 9849708633 |

ટૂર આયોજક :

**SAMbHAV**
**TOURS & TRAVELS**
The Complete Travel Solutions

આપના સમય અને સ્ટેટસ અનુસાર સંપુર્ણ ભારત ભરમાં **ધાર્મીક/ફેમેલી/કપલ** ટુરો ના આયોજક

23, Panchsheel Nagar, S. N. Road, Mulund (West), Mumbai – 400 080.
Tel. : 2569 5289 / 9892651122 /9833860458 Email : sambhavtoursandtravels@gmail.com

# ઝગડો મડદું છે....

વિશ્વમાં ધર્મની બાબતમાં હિન્દુ, મુસ્લિમ, ક્રિશ્ચન બધાજ જુદાં છે, પણ દરેક ધર્મવાળા કહે છે કે, ઘરમાં કોઈનું મૃત્યું થયું છે તો મડદાને જલ્દી બાળી દો, અથવા તો દાટી દો, મડદાને ચોવીસ કલાકથી વધુ ન રખાય, ગંધાઈ ઉઠે.

ઝગડો એટલે એક પ્રકારનું મડદું જ છે. ઝગડાને જેટલો વધારે રાખો તેટલો વધારે ગંધાય. પરિવારમાં ઝગડો થયો એટલે સમજવું કે ક્યાંકથી મડદું આવ્યું, જલ્દી નિકાલ કરો.

પરિવારમાં પિતાનું મૃત્યું થયું હોય અને દિકરો જો અમેરિકા હોય અને એને આવતા ચોવીસ કલાક કરતાં વધારે સમય લાગે તો કોઈ સગા સંબંધી તેની રાહ જોઈ મડદાને સાચવતાં નથી, બધાજ કહે છે મડદાને જલ્દી બહાર કાઢો.

ઝગડાની બાબતમાં એવું છે કે માણસ નાની વસ્તુને જેટલી મોટી બનાવવા માંગે એટલી મોટી બની શકે અને મોટી વસ્તુને પણ જેટલી નાની બનાવવા માંગે એટલી નાની બની શકે. ઝગડાનો મુદ્દો નાનો હોય કે મોટો એ બહુ મોટી વાત નથી પણ ઝગડો કરનાર તેને કેવું સ્વરૂપ આપે છે એ બહુ મોટી વાત છે.

દ્રૌપદીએ રાજમહેલ જોવા આવેલા દુર્યોધનનું અપમાન થાય તેવું વચન કહ્યું કે "આંધળાનાં પુત્ર આંધળા જ હોય" અને આ એક વચનને દુર્યોધને પહાડ જેવું સ્વરૂપ આપતાં પ્રતિજ્ઞા કરી કે "દ્રૌપદીને હું મારી સાથળ પર બેસાડું નહીં તો મારું નામ દુર્યોધન નહીં" અને દુર્યોધનની પ્રતિજ્ઞા સાંભળી ભીમે પ્રતિજ્ઞા કરીકે દુર્યોધનની જંઘાનું લોહી ન પીઉં તો મારું નામ ભીમ નહીં.

દુર્યોધને કદાચિત આ એક સ્ત્રીનું વચન છે એમ સમજી એને ગણકાર્યું ન હોત અથવા દુર્યોધને વળતો ઉત્તર આપી તેજ સમયે દ્રૌપદીનું અપમાન કરી લીધું હોત તો એના અંતરનો રોષ ત્યારે જ નિકળી જાત પણ દુર્યોધને ગાંઠવાળી અને અપમાનને વાગેળ્યા જ કર્યું.

પાંડવો અને કૌરવો વચ્ચે થયેલ ઝગડનું મડદું ગંધાઈ ઉઠ્યું અને એ દુર્ગંધ આપણા સુધી પહોંચી છે. ક્યાંય પણ ઝગડો થાય છે એવું સંભાળીયે એટલે લોકો કહે છે "મહાભારત" ક્યાં અને કોની વચ્ચે થયું ?

પરિવારમાં ઝગડાં થતાં હોય ત્યારે શાણા માણસોએ ક્રિયાશીલ બની બન્ને પક્ષોને સમજાવી સમાધાન લાવવું જોઈએ. આપણે ત્યાં રોજ સવાર-સાંજનું પ્રતિક્રમણ કરવાનું વિધાન છે. પ્રતિક્રમણમાં અઢાર પાપસ્થાનક સેવવાનું મિચ્છામિ દુક્કડમ્ આપીએ છીએ. આ મિચ્છામિ દુક્કડમ્ એટલે કોઈની પણ સાથે કરેલ રાગ-દ્વેષ અને ઝગડા રૂપ મડદાનો નિકાલ.

આપણા શરીરમાંથી પ્રાણ નીકળી જશે ત્યારે સંસારનાં લોકો આપણા મડદાનો નિકાલ કરી એને બાળી દેસે, પરંતુ જો અંતરમાં ઝગડાને કારણ કોઈના પ્રતિ વેરભાવ કે રાગ-દ્વેષ રહી જસે તો શું આપણે આવા મડદાને સાથે લઈ પરલોકમાં જઈશું ?

કોઈની પણ સાથેના ઝગડાને ક્યારેય વિસ્તારતા નહીં. 'લેટ ગો' કરી હળવા થઈ જજો, કોઈની ભૂલ હોય તો સહી લો અને સહન ન થાય તો હસી લો. પણ ઝગડાના મૂળને ક્યારેય સિંચતા નહીં. "હૃદયમાં મજબૂત રીતે વાત બેસાડી દો, ઝગડો એટલે મડદું અને એને સંઘરી ન જ રખાય".

**જયાબેન મગનલાલ મારૂ**

# વિવશતા વચલી પેઢીની

આજે આપણે વાત કરીશું વચલી પેઢીની લાચારી વિષે, તમે સમજી તો ગયાજ હશો કે વચલી એટલે પ્રૌઢવયના (૪૦ થી ૬૦ વર્ષ વચ્ચેના દંપતિ) જેમને હમણાંના સમય અનૂસાર નાની અને મોટી એમ બન્ને પેઢી વચ્ચે સંતુલન જાળવવું પડે છે.

એક તરફ વડિલોની જવાબદારી છે એમના ખાવાપીવા વિશે, એમના સ્વાસ્થ્ય બાબત, ગમા અણગમા નો ખૂબજ ધ્યાન રાખવું પડે છે. વળી વ્યવહારમાં કે ક્યાં આવવાજવામાં એમની અનૂમતિ વીના કંઈ ન થાય જોકે એમા કશુ જ ખોટું નથી. છતાં પુત્ર અથવા પુત્રવધૂ સાથે કંઈ સલાહ સૂચન ન થઈ શકે ? ક્યાંક એ પોતાની રીતે કંઈ નિર્ણય લે છે ત્યારે વડિલોની નારાજગી વેઠવી પડે છે, આવી બાબતોમાં પુત્રની હાલત કફોડી થઈ જાય છે. એને માતા-પિતાનું માન રાખવુ પડે છે. પત્ની અને સંતાનોને પણ ખૂશ રાખવા પડે છે. બીજી તરફ યુવાન સંતાન અથવા નવ પરિણીત પુત્ર-પુત્રવધૂ ને જમાના અનુસાર છૂટછાટ આપવી પડે છે. અગર નથી આપતા તો તમારી ગણતરી પછાત અથવા વેદિયામાં થઈ જાય છે. અને છૂટછાટ આપવાથી વડિલો સાથે મનદુઃખ થાય છે.

હવે સમય ખૂબ ઝડપથી બદલાઈ રહ્યો છે. નવા નવા સાધનોને ઉપકરણો આપણી રોજીંદી દિનચર્યામાં આવતા જાય છે. જેના થકી દરેક કામ જલ્દી અને ઓછી મહેનતથી થઈ જાય છે. કદાચ આપણા પિતાજીએ કોઈ કામની બાબતમાં આપણને નહીં પૂછ્યું હોય, પણ હાલમાં આપણને ઘણા સાધનોને કેમ વાપરવા એ આપણા સંતાનો પાસે શિખવું પડે છે. મોબાઈલ જ લઈ લ્યો. અટલા નાના ઉપકરણની અંદર કેટ કેટલી સગવડો છે પણ આપણે એનાથી અજાણ હોઈએ છીએ. હજુ તો આગળ ટચ સ્ક્રીન સ્માર્ટફોન, ફેસબુક, ઈન્ટરનેટ ઈત્યાદિ નવા નવા સાધનો આવતાજ જાય છે. ને ત્યારે લાગે છે કે દુનિયા કેટલી નાની થતી જાય છે, જાણે કેટલો અંતર ઘટતો જાય છે. પણ હકીકતમાં આપસમાં ન જાણે અંતરમાં કેટલા અંતર વધતા જાય છે. રૂબરૂ વાતો ઓછીને ફેસબુકને મેસેજમાંથી જ ઉંચા નથી આવતા. જ્યારે આપણને આ બધું શિખતા ને સમજતા વાર લાગે છે ત્યારે આપણા સંતાનો અકળાઈ જાય છે. એમને આપણા પર ગુસ્સો આવે છે ને વાતવાતમાં આપણા અજ્ઞાન વિષે ઉતારી પાડે છે. આવા સંજોગોમાં મન ખિન્ન થઈ જાય છે.

એક તો આપણું ભણતર ઓછુ હોય, ઈંગ્લીશનું જ્ઞાન ઓછું હોય એટલે નવું શિખતા સમય તો લાગે, આ વાત આપણા પુત્ર-પુત્રી કેમ નથી સમજતા ? પુત્રી એવું ક્યારેય વિચારતી નથી કે મારી મમ્મી આટલા બધાં કામ કેટલી ઝડપથી કરે છે, એની રસોઈ કેટલી સારી થાય છે. રોટલી કેટલી ગોળ એક જ સાઈઝ ની થાય છે મારાંથી આ બધું કેમ નથી થતું ? અથવા મારા પપ્પા વેપાર કેટલી કુનેહથી કરે છે હજારોના હિસાબ મૌખિક કરી લે છે ને મને કેમ કેલક્યૂલેટર વાપરવું પડે છે ? આમ છતાં વધારાના અમારા કામ પણ હસ્તા મોઢે કરી આપે છે... હવે યૂવા પેઢી ને આ બધું વિચારવું જ રહ્યું.

એક તરફ વધતી જતી હરિફાઈમાં પુરૂષોને ધંધા-રોજગારની ચિંતા સતાવ્યા કરે છે. બીજી તરફ સ્ત્રીઓ ને ઘર-ગ્રહસ્થી સંભાળવામાં ખૂબજ તકલીફ પડે છે, ખર્ચાઓ વધતા જાય છે એને પહોંચી વળવા વચલી પેઢીનો જ ભોગ લેવાય છે. બાળકોને સારું ભણતર ને સાધનો અપાવવાની લાયમાં ખૂદ ઘણી ચીજોથી વંચિત રહી જાય છે. આવી ત્યાગની ભાવના દિવસો દિવસ ઓછી થતી જાય છે. ભાઈ ચારાને કુટુમ્બ પ્રત્યે ની જવાબદારી આવનારી પેઢીને નથી ઉપાડવી. નિજ સ્વાર્થ વધતો જાય છે, બધાને અનિશ્ચીત ભાવીવાળી

એમ એન સી કંપનીઓમાં નોકરી કરવી છે. મહેનતથી જમાવેલા બાપીકા ધંધામાં રસ નથી, ઘરના કામ કરવા કોઈને ગમતા નથી.

આ સળગતા પ્રશ્નો કોઈ સમાજ કે જાતિ નહી પણ સમગ્ર ભારતવાસીની આ હાલત છે ને એમાં પિસાઈ રહીં છે આજની વચલી પેઢી આવનાર સમયમાં ભાવી પેઢી એમને સાચવશે, સંભાળ લેશે એ વાત હવે એક દિવા સ્વપ્ન જેવી છે.

**'અજ્ઞાની' મહેન્દ્ર વોરા**

# ભાઈ બહેનનાં પવિત્ર પ્રેમ નું પર્વ રક્ષા બંધન

(ભૈયા મેરી રાખી કે બંધનકો નિભાનાં)

'રક્ષાબંધન' ભારતની સંસ્કૃતિનો તહેવાર છે. 'શ્રાવણી પૂનમ' નો દિવસ ભાઈ-બહેનની આત્મીયતા સ્નેહની મહિમા ગાતો ઉત્સવ છે.

ભાઈ-બહેનની પવિત્ર પ્રીતિનો અવસર એટલે રક્ષાબંધન બહેનને હમેશા ભાઈ વહાલો હોય છે સાસરે ગયેલી બહેન પણ તેનો ભાઈ સુખી બને તેવી પ્રભુને પ્રાર્થના કરતી હોય છે.

આ દિવસે બહેન સુતર ધાગા (રક્ષા) થી ભાઈનું હેમખેમ ઈચ્છે છે. ત્યારે ભાઈઓ આપેલું રક્ષાનું વચન અમર છે ! મારી વ્હાલી બ્હેન તેં મને આજે રક્ષા બાંધી છે, હું જીવનભર ગમે તે ભોગે તારૂં રક્ષણ કરીશ.

ભાઈ બહેનનો પ્રેમ નિસ્વાર્થ છે તેમાં ત્યાગની ભાવના વધુ હોય છે આજે કોલેજ માં ભણતી યુવતી અજાણ્યા યુવક ને રાખડી (રક્ષા) બાંધે તો કોલજનાં યુવાનની વિકૃતિ નાશ પામે છે તેની વાસનાં દુર થાય છે. રાખડી (રક્ષા) માં આ પ્રભાવ છે.

કમનસીબે આજે નિર્દોષ યુવતીઓ પર બળાત્કારો થાય છે. હવસખોરોનો ભોગ બને છે ત્યારે યુવાનોએ આગળ આવીં સ્ત્રીઓને રક્ષણ આપવું જોઈએ. આ બહેનોની રક્ષા કરવી જોઈએ.

આ પર્વ ચરિત્રની શુદ્ધતા નું પર્વ ઉજવવા જેવું ગણાય. પુરૂષ-પ્રધાન સમાજમાં માણસોનાં મનની વિકૃતિ-વાસના ઓછી થાય તે જરૂરી છે. સ્ત્રીઓ - બહેનો આ વાસના વૃતિનાં શિકાર ન બને તે આજનાં સમાજમાં જરૂરી છે. મોટા શહેરોમાં આજે સાંજે કે મોડી રાત્રે બહેનો એકલ દોકલ ફરી શક્તી નથી એ સમાજની મોટી કરૂણા છે. યુવાનોએ બહેનોની રક્ષા કરવી જોઈએ.

**લહેરચંદ ટોકરશી લોડાયા**


## Ayurvedic (Weight - Loss) Medicine

**20 Days Medicine - only Rs. 350/-**

**Weight loss will be after 20 days 7 kg. West Material Discharge.**

- AYURVEDIC (SUGAR) MEDICINE 30 DAYS ONLY RS. 350/-
- AYURVEDIC (THYROID) MEDICINE 20 DAYS ONLY RS. 350/-
- AYURVEDIC (JAUNDICE) MEDICINE 20 DAYS ONLY RS. 350/-
- AYURVEDIC MEDICINE ANY (BODY PAIN) 20 DAYS ONLY RS. 350/-
- MEDICINE (HIGHT), (BODY), (PERSONALITY) 30 DAYS ONLY RS. 350/-
- MEDICINE FOR (SMOOKING), (DRINKING) AND (TUBACCO PRODUCT)
- MEDICINE FOR ANY SKIN DISEASES

(જા.ખ.)

Res. : 3-4-760/1/402, Amrit Chaya Aprt., Barkatpura, Street No. 10, Opp. Food World Lane, Opp. Andhra Yuvati School, Near E-Seva, Hyderabad - 500 027.

**Ashwin V. Bhatia : Ph : 9395347264, 9392418463, 040-27564183**

# શું આપણે આઝાદ ખરા ?

હા ! ભારતદેશ ૧૯૪૭ની ૧૫ ઑગસ્ટે આઝાદ થયો. એવું ઈતિહાસના પાના પર વંચાય છે. પણ વર્તમાન પરિસ્થિતિ જોતાં આ વાત ગળે ઉતરતી નથી.

આપણે જેને આઝાદી માનીએ છીએ, તે ખરેખર બંધન છે. અને જેને બંધન માની બેઠા છીએ. તેતો મર્યાદા છે. સમજ્યા કાંઈ ? નહીં, તો સમજાવું.

આજનું શિક્ષણ, આજની ફેશન, આજના વ્યવહારો, આજની જીવન પદ્ધતિ શું ખરેખર ભારતીય સંસ્કૃતિને છાજે તેવી છે? હવે તો આર્ય સંસ્કૃતિના આદર્શો જૂજ ઘરોમાં નામશેષ થવા લાગ્યા છે. બહુ મોટો વર્ગ પશ્ચિમી વાતાવરણથી પ્રભાવિત થઈ ચૂકયો છે.

આ વાંચી તમે કહેશો, જૈન સાધુ પણું ગ્રહણ કરેલ હોવાથી આ વાતો તમે કરી શકો છો. પણ ૨૧મી સદીમાં વિશ્વ સાથે દોડવા માટે આ બધી વસ્તુઓ ખૂબ જરૂરી છે.

ચાલો માની લીધું, સમાજની રૂખ જોઈ તે પ્રમાણે જીવવું પડે, પણ એવું શિક્ષણ જે આપણા મૂળભૂત ધર્મને તોડી પાડે, એવી ફેશન જે ઈન્દ્રિયોને ભડકાવે, એવા વ્યવહારો જે શિસ્ત અને સભ્યતાને ચીંથરે હાલ કરે. શું મેળવ્યું આઝાદી ઘોષિત કરીને ?

અંગ્રેજોને ભગાડી દેશમાં અંગ્રેજી શિક્ષણને પ્રાધાન્ય આપ્યું. કોટન-ખાદી નામપૂરતા રહી western outfitને જ પ્રાથમિકતા આપી. સીધું-સાદું ભોજન છોડી Chiness, French dishesને જ મોખરે રાખી. અને આ બધામાં ધર્મ તો કયાંયે ભૂલાઈ ગયો !!

સર્વકર્મોથી મુક્તિ તે જ સાચી આત્માની આઝાદી છે. ઓગસ્ટ મહિનાના આ અંકમાં 'નિયાંપો' માસિકને અમારા હાર્દિક અભિનંદન સહ અંતરના આશિર્વાદ છે. અને તેમના વાચકો પ્રત્યે શુભેચ્છા વ્યક્ત કરીએ છીએ કે આ જિનશાસનને પામી, પ્રભુમહાવીરના સિદ્ધાંતો પર ચાલી, શીઘ્રાતિશીઘ્ર મુક્તિમાર્ગને પામો.

**સાધ્વી વિજયપુર્ણાશ્રીજી મ.સા.**


## ફ્લેટ ભાડે આપવો છે....

પ્રગતી સોસાયટી, તીલક રોડ, હૈદ્રાબાદ

ફ્લેટ નં. "C" ૨૯-૩૦, ૨ જે માળે, ફર્નીશ્ડ ૩ બેડરૂમ - હૉલ - કિચન - બે બાલકની

**કલ્યાણજીભાઈ : ૮૯૭૮૯ ૬૧૧૨૬, મિતેશભાઈ : ૯૭૦૪૯ ૮૮૨૯૪** (જા.ખ.)

# KEVAL & KANCHAN GRUH UDYOG

❖ *Specialist in all Khakhras* ❖

*Ghee Jeera, Ghee Sada, Methi Sada, Sp. Masala, Sp. Masala Methi, Chorafali, S.P. Math* (જા.ખ.)

Ph : **Alpa Gala** - 98490 10165, **Gaurav Gala** - 93460 10165, **Bijal Gala** - 95335 90165, 2760 8197

**Bhavesh Kumar PremJi**
Cell : 9441063169
7569954351



# श्री Sadguru PACKAGING

Garment Bags, Bopp, Jewellery Bags,
Purses & Boxes, Gift Bags, **NONOVEN BAGS,**
PP, HM, HDPE, LD with Multicolour Printing

5-9-1107,4th Floor, Flat No. 403,
Varoon Apt, King Koti, Hyderabad-500 029.

# SHOP CUM OFFICE FOR SALE



Shop cum Office for sale with attached Toilet & Furniture 500 sft at Hanuman Tekdi, Near Pragati college, Abids, Hyderabad

***Sales & Purchases of Flats - Shops - Bunglows***

&

***for any type of Photography, Videography***



CONTACT :

**NALIN MEHTA - 93475 84510**

શુભ ॥ અનંત ચૌવિશી જીન નમો ॥ લાભ



# શ્રી કુલપાકજી તીર્થ યાત્રી સંઘ (Regd.)

**(માતુશ્રી વિમળાબેન મગનલાલ ભેદા પરિવાર)**

૩-૪-૨૧૫/એ, આર.કે. કૉમપ્લેક્સ, બેન્ક ઓફ ઈન્ડીયાની ઉપર,
કાચીગુડા, હૈદરાબાદ ૫૦૦ ૦૨૭. આં.પ્ર. ફોન : ૬૬૩૬ ૨૫૪૫, ૨૭૫૬ ૨૫૪૫

સંચાલક : **હંસકુમાર રાયચંદ સાયલા** ફોન. ૯૨૪૬૫૩૨૫૪૫

પ્રચાર સંયોજક : **રિદ્ધીશ રમેશ જાગીરદાર** ફોન. ૯૮૯૯૯૮૮૯૯૯

---

દર મહિનાના પહેલા રવિવારે કાચીગુડાથી શ્રી કુલપાકજી તીર્થ યાત્રા માટે એક બસની વ્યવસ્થા છે. નકરો વ્યક્તિ દીઠ રૂ. ૫૦/- માત્ર.

સોમવાર તા. ૨ સપ્ટેમ્બર ૨૦૧૩ના પર્વ પર્યુષણની આરાધના શરૂ થાય છે તથા યોગાનુ યોગે રવિવાર તા. ૧ સપ્ટેમ્બર ૨૦૧૩ના શ્રી કુલપાકજી તીર્થ યાત્રાનો રાબતા મુજબ કાર્યક્રમ છે. બીજા દિવસથી પર્વ પર્યુષણની આરંભ થનાર આરાધના શાતા પૂર્વક પરીપૂર્ણ થાય આ સદ્‌ભાવનાથી સપ્ટેમ્બર ૨૦૧૩ના આયોજીત શ્રી કુલપાકજી તીર્થ યાત્રામાં સર્વે ભાવિકો જરૂરથી જોડાશો તથા સુંદર તપસ્યા માટે તીર્થ ક્ષેત્ર ... કરશું.

શ્રી રાજસ્થાન મહા તીર્થ યાત્રામાં જોડાવવા માટે અંતીમ તા. ૩૧ ઑગસ્ટ ૨૦૧૩ રાખવામાં આવી છે. જેથી હજી પણ આપશ્રીએ ફોર્મ ભરી ન હોય કૃપયા ફોર્મ ભરી મુકરર નકરો આપી યાત્રામાં જોડાશો જેથી વ્યવસ્થા કરવામાં સુગમતા રહેશે.

શ્રી સંઘના આજીવન સભ્યપદ ફી. રૂા.૫૦૧.૦૦ આપી આપશ્રી શ્રી સંઘના આજીવન સભ્ય બની શકો છે તથા જ્યારે પણ આપણી અનુકુલતા હોય શ્રી કુલપાકજી તીર્થ યાત્રામાં વહેલા તે પહેલા ધોરણે જોડાઈ શકો છો. આ યાત્રા આપશ્રીને શ્રી સંઘ તરફથી કરાવવામાં આવશે.

શ્રી સંઘના સર્વ સાધારણ ફંડના વૃધ્ધી માટે રૂા.૧૧૧૧.૦૦ "સંકલ્પ અનુદાન પત્રો"નું વિતરણ ચાલુ છે. આ રકમ ફીક્સ ડિપોઝીટમાં રાખી એના વ્યાજમાથી ગરીબ ભોજન, ગૌ સેવા, બીમાર મુક જીવોની સારવાર, ધાર્મીક અનેક વીધ અનુષ્ઠાનનો આયોજન ઈત્યાદી એક ન અનેક શુભકાર્ય થાય છે. આ સર્વે શુભકાર્યોનુ પુણ્યાર્જન કરવા જરૂરથી વધારેમાં વધારે સંકલ્પ અનુદાન પત્રો લઈ શ્રી સંઘની પ્રવૃત્તીઓને વેગ આપશો.

*કાયમી સંઘપતિ તથા વિજ્ઞાપન સૌજન્ય :*

**માતુશ્રી દેવયાનીબેન કલ્યાણજી રામજી રવજી સોજપાર ગાલા,** (શ્રી.મ.)

**ગામ મોટા લાયજા-કચ્છ, હાલ મુંબઈ**

**હસ્તે શ્રીમતિ મમતાબેન (તારાબેન) ભુપેન્દ્ર કલ્યાણજી ગાલા મુમુક્ષુ પરિવારના જયજિનેન્દ્ર**